ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-04** **તા.22-09-2021**

## ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરૂણ ચૂગજીએ પ્રદેશના હોદેદારોશ્રીઓ,પ્રદેશના તમામ મોરચાના પ્રમુખશ્રીઓ સાથે બેઠક યોજી હતી

## કોરોના અને રાજયમાં આવેલ આફત સમયે સંગઠને જે રીતે કામ કર્યુ તે અંગે શ્રી તરૂણ ચૂગજીએ અભિનંદન પાઠવ્યા હતા

ભારતીય જનતા પાર્ટી અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ તારીખ **22** સપ્ટેમ્બર **2022**ના રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરૂણ ચૂગજીએ પ્રદેશના હોદેદારોશ્રીઓ,પ્રદેશના તમામ મોરચાના પ્રમુખશ્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતા અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરૂણ ચૂગજીની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

આ બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરૂણ ચૂગજીએ જાણાવ્યું કે પેજ કમીટીથી લઇ સંગઠન સુધી તમામ હોદેદારોશ્રીઓ સાથે મુલાકાત કરવાનો અવસર મળ્યો. ગુજરાત રાજયએ પેજ કમીટીના માધ્યમથી અન્ય રાજ્યોને પણ દિશા બતાવી છે. પહેલા આપણુ ફોકસ બુથ કમીટી પર હતું જે હવે પેજ કમીટી પર કેન્દ્રીત કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે પેજ સમીતીના માધ્યમથી સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને દીશા બતાવી છે જે ખૂબ સરહાનીય છે.

શ્રી તરૂણ ચૂગજીએ વધુમાં જણાવ્યું કે જે પેજ કમિટીના કાર્યકર્તા આપણી સાથે જોડાય છે તે વૈચારીક રીતે જોડાય જે જોવાની જવાબદારી પ્રદેશના હોદેદારોશ્રીઓની છે અને ભાજપની ટીમ સમવૈચારીક કાર્યકરોની ટીમ બને તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. શ્રી તરૂણ ચૂગજીએ કોરોના અને રાજયમાં આવેલ આફત સમયે સંગઠન જે રીતે કામ કર્યુ તે અંગે અભિનંદન પાઠવ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)